# રાજ્યમાં કોરોનાના નવા ૯૧ કેસ : ઓમિક્રોનના ૯ કેસ

**મહિનાઓ બાદ નોંધાયા સૌથી વધુ કેસ, બેના મોત : છેલ્લા ૨૪ કલાકમાં સારવાર બાદ ૪૧ લોકો સાજા થયા આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૮૨૮૭૯૪**

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતમાં હવે કોરોનાની ત્રીજી લહેરના ભણકારા વાગી રહ્યાં છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી નવા કેસમાં સતત વધારો થઈ રહ્યો છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૯૧ કેસ સામે આવ્યા છે. તો આ દરમિયાન ૨ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સારવાર બાદ ૪૧ લોકો સાજા થયા છે. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૮૨૮૭૯૪ થઈ ગઈ છે. જ્યારે કોરોનાને લીધે રાજ્યમાં અત્યાર સુધી ૧૦૧૦૬ લોકોના મૃત્યુ થયા છે.

ગુજરાતમાં અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૨૫ કેસ નોંધાયા છે. તો સુરત શહેરમાં ૧૬, વડોદરા શહેરમાં ૧૦, રાજકોટ જિલ્લામાં ૧૫, વલસાડમાં ૬, જામનગર શહેરમાં ૫, નવસારીમાં ૪, ગીર સોમનાથ, ખેડા અને વડોદરા ગ્રામ્યમાં ૨-૨, અમદાવાદ ગ્રામ્ય, કચ્છ, સુરત ગ્રામ્ય, આણંદ, તાપી, અમરેલીમાં એક-એક કેસ સામે આવ્યો છે. તો દેવભૂમિ દ્વારકા અને સુરત શહેરમાં એક-એક વ્યક્તિનું નિધન થયું છે.

ગુજરાતમાં નવા આંકડા બાદ એક્ટિવ કેસ ૬૩૭ થઈ ગયા છે, જેમાં ૯ દર્દી વેન્ટીલેટર પર છે. રાજ્યમાં અત્યાર સુધી કોરોનાની સારવાર બાદ ૮૧૮૦૫૧ લોકો સાજા થયા છે. તો કોરોનાને લીધે અત્યાર સુધી ૧૦૧૦૬ લોકોના મૃત્યુ થયા છે. ગુજરાતનો રિકવરી રેટ ૯૮.૭૦ ટકા છે.

ગુજરાતમાં આજે સાંજે ૪ કલાક સુધીમાં ૧ લાખ ૮૨ હજાર ૩૬૦ વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. તો અત્યાર સુધી રાજ્યમાં ૮ કરોડ ૭૫ લાખ ૧ હજાર ૪૦૨ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. જેમાં પ્રથમ અને બીજો ડોઝ સામેલ છે.

## દેશમાં કોરોનાના ૬૩૧૭ નવા કેસ

નવી દિલ્હી,તા.૨૨

ભારતમાં ઓમિક્રોનના ફફડાટ વચ્ચે કોરોનાના કેસ ઘટી રહ્યા છે. દેશમાં સળંગ ૨૫માં દિવસે કોરનાના નવા કેસ ૧૦ હજારથી નીચે રહ્યા છે. દેશમાં હજુ પણ કેરળમાં સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૬૩૧૭ નવા કેસ નોંધાયા છે.

## દેશમાં કોરોનાની ત્રીજી મહામારી રોકવી મુશ્કેલ, ડરવાની જરૂર નથી

નવી દિલ્હી, તા.૨૨

કોરોના વાયરસના નવા વેરિયન્ટ ઓમિક્રોનના કારણે કોઈ વિપરિત સ્થિતિ ઉભી થઈ નથી, આમ છતાં જે રીતે કેસમાં વધારો થઈ રહ્યો છે તે જોતા કેટલાક ભણકારા વાગી રહ્યા છે. અમેરિકામાં પાછલા અઠવાડિયે કોરોના સંક્રમણના જે કેસ આવ્યા તેમાંથી ૭૩% કેસ ઓમિક્રોનના છે, જ્યારે તેની પહેલા આ આંકડો માત્ર ૩% જ હતો. એટલે અગાઉ અહીં ૧૦ નવા કેસમાંથી માત્ર ૩ ઓમિક્રોન હતા, હવે તેની સંખ્યા ૭-૮ પર પહોંચી ગઈ છે. ભારતમાં ઓમિક્રોનના કેસ વધી ગયા છે. એક્સપર્ટ્સનું માનવું છે કે ભારતમાં કોરોના મહામારીની ત્રીજી લહેરને આવતા રોકવી મુશ્કેલ છે. પરંતુ તેમણે એવો પણ દિલાસો અપાવ્યો છે કે પેનિક થવાની જરુર નથી. મહત્વનું છે કે ગુરુવારે વડાપ્રધાન મોદી મહત્વની બેઠક કરી રહ્યા છે.

આગળ વધતા પહેલા એ સમજી લઈએ કે આર નોટ એટલે કે આરઓ વેલ્યુ શું છે. આ એક મેથામેટિકલ ટર્મ છે જે એ દર્શાવે છે કે કોઈ વાયરસ કેટલો વધારે ઝડપથી લોકોને સંક્રમિત કરે છે. આર નોટ એ દર્શાવે છે કે કોઈ વાયરસથી સંક્રમિત એક વ્યક્તિ સરેરાશ કેટલાક સ્વસ્થ લોકોને બીમાર કરે છે અને પછી બીમારી સંપૂર્ણ રીતે ખતમ થઈ જાય છે. સાર્સ-કોવ-૨ એટલે કે કોરોના વાયરસનો આરઓ વેલ્યુ એટલે કે રિપ્રોડક્શન વેલ્યુ મહારાષ્ટ્ર જેવા કેટલાક રાજ્યોમાં વધી છે. આરઓ વેલ્યુ ૧ હોવાનો મતલબ છે કે એક દર્દી આ બીમારીને એક વ્યક્તિમાં ફેલાવી રહ્યો છે.

## રાજ્યમાં ઓમિક્રોનના વધુ ૯ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનના વધુ ૯ કેસ નોંધાતા અત્યાર સુધીમાં કુલ ૨૩ કેસ ઓમિક્રોનના કેસ થયા છે. જેમાંથી ૪ને ડિસ્ચાર્જ અપાતા ૧૯ દર્દીઓની સારવાર ચાલી રહી છે.

આજે નોંધાયેલ ૯ કેસમાં અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાંથી ૫, મહેસાણા અને આણંદમાં ૨-૨ કેસ ઓમિક્રોનના નોંધાયા છે. આ ૯ કેસ વિદેશથી દેશમાં આવેલ નાગરિકોના છે. મહેસાણામાં યુકેથી, આણંદમાં તાન્જાનિયાથી જ્યારે અમદાવાદમાં દુબઈ, કોંગો, તાન્જાનિયા અને યુકેમાંથી પરત આવેલ નાગરિકો છે. અત્યાર સુધી નોંધાયેલા ૨૩ કેસમાં જામનગરના ૩, સુરતના ૨, ગાંધીનગરનો ૧, મહેસાણાના ૩, વડોદરાના ૩, આણંદમાં ૩, અમદાવાદના ૭ અને રાજકોટના ૧ દર્દીનો સમાવેશ થાય છે. આરોગ્ય તંત્રના જણાવ્યા મુજબ ઓમિક્રોનથી એકપણ મૃત્યુ રાજ્ય કે દેશમાં નોંધાયું નથી.




ગુજરાતની જાણીતી ફલોરીયન્સ એકેડમી દ્વારા વિશ્વ સ્તરીય શિક્ષણની સાથે આત્મનિર્ભર બનવાની તક પુરી પાડવામાં આવે છે. ક્લીનરી, બેકીંગ આર્ટ , કેક મેકીંગ સંબંધિત અન્ય વિવિધ ફુડ આઈટમને અનુલક્ષીને વિવિધ વર્ગોમાં તાલીમ આપવામાં આવે છે. જેના અંતે સંસ્થા દ્વારા વિદ્યાર્થીઆને આંતરરાષ્ટ્રીય પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવે છે. ગાંધીનગરમાં સે-૧૭ સ્થિત હેલીપેડ મેદાન ખાતે આયોજિત ખાદ્ય ખોરાકી એક્ઝિબ્યુશન સેન્ટરમાં સંસ્થા દ્વારા કેક મેકીંગ સહીત અન્ય ફુડ એક થી એક ચઢીયાતી આઈટમો રજુ કરાઈ હતી.



ગાંધીનગરમાં ન્યાય મંદિરના નિર્માણ માટે જગ્યા ફાળવવામાં આવી છે. ત્યારે હવે અદ્યતન અને સુવિધાયુક્ત કોર્ટ બિલ્ડીંગના નિર્માણનુ કામ ઝડપથી હાથ ધરવામાં આવે તેવી માંગણી વકીલોમાં પ્રબળ બની છે. આ મામલે ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ એસ ગોહીલ, ગુજરાત બાર કાઉન્સિલના પુર્વ ચેરમેન દિપેનભાઈ દવે, રાજુભાઈ જાની , વિજયસિંહ વાઘેલા, રમેશભાઈ પટેલ, જગદીશસિંહ વાઘેલા જીગ્નેશભાઈ જોષી તેમજ ગાંધીનગર બારના પુર્વ પ્રમુખ લાલસિંહ ગોહીલે કાયદામંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીને રજુઆત કરી હતી. આ તબક્કે કાયદામંત્રીએ પણ હકારાત્મક અભિગમ દાખવ્યો હતો.

# કરૂણાંતિકા : રાયપુર નર્મદા કેનાલમાં ચાર યુવાનો ડૂબ્યાં

**અમદાવાદના કૃષ્ણનગરથી બર્થ-ડે ઉજવવા માટે આવ્યા હોવાનું અનુમાન : સેલ્ફી લેતી વખતે એક યુવકનો પગ લપસતાં તેને બચાવવાના પ્રયાસમાં અન્ય યુવકો પણ પડી ગયાં હોવાની ધારણાં : ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ અને બહિયલ ગામના તરવૈયાઓની મોડી સાંજ સુધી યુવકોને શોધવા કેનાલમાં કવાયત**

ગાંધીનગર તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના દહેગામ-નરોડા હાઈવે નજીક આજે બપોરે ચાર યુવકો રાયપુરથી વીરા તલાવડી માર્ગ પરના પુલ નજીક નર્મદા કેનાલમાં ડૂબી જવાની ઘટનાએ ચકચાર મચાવી દીધી છે.

### કેનાલમાં ડૂબી ગયેલાં યુવકો

**નિકુંજ અનિલભાઈ સગર (ઉ. ૨૪)**
**સાહિલ અરવિંદભાઈ પટેલ (ઉ. ૨૧)**
**જયદીપ સબવાણિયા(ઉ. ૨૪)**
**સ્મિત રાકેશભાઈ પટેલ (ઉ. ૧૯)**

ચારેય યુવકો અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારના રહેવાસી હતા અને એક બાઈક અને એક સ્કૂટર પર કેનાલ પાસે એક મિત્રનો જન્મદિવસ ઉજવવા પાંચ મિત્રો સાથે આવ્યાં હતા જે દરમ્યાન સેલ્ફી લેતી વખતે એક યુવકનો પગ લપસતાં તે કેનાલમાં પડી જવાથી તેને બચાવવાના પ્રયાસમાં વારાફરથી અન્ય યુવકો પણ કેનાલમાં પડી ગયાં હોવાનું અનુમાન બાંધવામાં આવી રહ્યું છે. જોકે હજુ સુધી યુવકોની ઓળખ થઈ નથી અને ચારેય યુવકોને શોધવા બહીયલ ગામના તરવૈયાઓ અને ગાંધીનગર ફાયર બ્રિગેડ ટીમે કવાયત હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતિ અનુસાર અમદાવાદના કૃષ્ણનગર વિશ્વાસ એપાર્ટમેન્ટમાં રહેતા ગૌરવ સુરેશ ભારતી બાવાનો જન્મદિવસ હોવાથી તેની સોસાયટીમાં રહેતા સ્મિત પટેલે બર્થડે ઉજવવા માટે કેનાલનું સ્થળ નક્કી કર્યું હતું. અગાઉ ડભોડા મંદિરે દર્શને આવેલા હોવાથી તે સમયે તેમણે કેનાલ જોઈ હતી. નક્કી થયા મુજબ પાંચ મિત્રો કેનાલ પર ભેગા થયા હતા અને કેક પણ લઈ આવ્યા હતા. બાદમા કેનાલની લોખંડની ગ્રીલ પાસે કેક કાપી રહ્યા હતા. અને ફોટોગ્રાફી કરતા હતા. એ વખતે એક મિત્રનો પગ લપસી જતાં તે કેનાલમાં પડ્યો હતો જેને બચાવવા માટે એક પછી એક અન્ય ત્રણ મિત્રો પણ કેનાલમાં ઉતર્યા હતા. આ દરમ્યાન ગૌરવ જે કેનાલની બહાર રહ્યો હતો તેણે બૂમાબૂમ કરતાં આસપાસના નાગરિકો દોડી આવ્યા હતા.



અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારમાંથી એક બાઈક અને એક્ટીવા પર પાંચ યુવકો કેનાલ પર આવ્યા હોવાનું જાણવા મળ્યું છે તે પૈકી ચાર યુવકો કેનાલમાં ડૂબી જવાનો બનાવ બન્યો છે. કેનાલ પરથી પોલીસને બે જોડ ચપ્પલ પણ મળી આવ્યા હતા. અમદાવાદના કૃષ્ણનગરમાં રહેતાં અરવિંદભાઈ પટેલ પોતાના પુત્ર સાહિલની શોધખોળ કરવા માટે રાયપુર કેનાલ દોડી આવ્યા હતા અને તેમણે જણાવ્યું હતું કે સવારે સાહિલ નોકરી પર જવાનું કહીને ઘરેથી નિકળ્યો હતો પરંતુ તે નોકરી પર ગયો નથી.

## બોર્ડ પરીક્ષા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જયારે આગામી દિવસોમાં ધો -૯ થી ૧૨ ની પ્રિલીમ પરીક્ષા તેમજ ધો -૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા આ ઉપરાંત પ્રાયોગિક પરીક્ષા તેમજ ધો -૯ થી ૧૧ ની વાર્ષિક પરીક્ષાની તારીખ લંબાવવા માટે નિર્ણય લેવાયો છે. એક મત એવો પણ છે કે પરીક્ષાની તારીખમાં ફેરફાર થતા હવે અભ્યાસક્રમ પુર્ણ કરવામાં પણ સરળતા રહેશે. ગત જુલાઈ મહીનાથી શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય પણ શરૂ કરાયુ છે. જેથી શાળાઓમાં જરૂરી અભ્યાસક્રમ પણ પુર્ણ કરી શકાય જયારે હવે બોર્ડ પરીક્ષાને અનુલક્ષીને પણ વિદ્યાર્થીઓને પુરતો સમય મળે તે માટે પરીક્ષાની તારીખમાં ફેરફાર કરાયો છે.

## ઠંડી યથાવત

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હતો. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે નોંધપાત્ર ૨૩ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. આ ઉપરાંત સવારે ભેજના પ્રમાણમાં પણ ૧૬ ટકાનો વધારો થયો હતો જેના લીધે વધતી ઠંડી વચ્ચે સવારે ભેજ વધતા મોર્નિંગમાં ઠંડીનુ જોર વધી ગયુ હતુ. મહત્તમ તાપમાનમાં સતત ચઢ ઉતર જોવા મળી રહી છે. પરંતુ લઘુત્તમ તાપમાન યથાવત રહેતા નગરજનો હજુ આકરી ઠંડીથી પ્રભાવિત છે. સેકટરવાસીઓની સાથે ખુલ્લામાં રહેતા શ્રમિક પરિવારો માટે ઠંડીના દિવસો કાઢવા મુશ્કેલ બન્યા છે. આકરી ઠંડીના લીધે દમ અને શ્વાસના દર્દીઓ વિશેષ પ્રભાવિત છે. જયારે કાતિલ કોલ્ડવેવની અસરથી શરદી ઉધરસના દર્દીઓ પણ વધી રહ્યા છે.

## પોલિસીની તૈયારી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અત્યારે અમેરિકા, જાપાન, ચીન, રશિયા, યુરોપિયન દેશો, યુકે, નેધરલેન્ડ જેવા દેશો ખૂબ આગળ નિકળી ગયા છે. આ દેશોએ પેટ્રોલ અને ડીઝલનો વિકલ્પ શોધવા માટે ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલના પ્રોજેક્ટોને ઝડપથી માન્યતા આપવાનું શરૂ કર્યું છે ત્યારે ભારત સરકારે પણ ગુજરાત સહિત અનેક રાજ્યોમાં આ પ્રકારના પ્રોજેક્ટોને પ્રોત્સાહન આપવા માટેના પગલાં ભરવાના શરૂ કર્યા છે.

## ૧૮૦૦ આવાસો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મકાનોનુ તબક્કાવાર રીનોવેશન હાથ ધરવામાં આવશે જયારે જોખમી આવાસો ખાલી કરાવવા માટે તંત્ર દ્વારા આ રીનોવેશન કરાયેલા મકાનો કર્મચારીઓ તેમજ તેમના પરિવારોન વસવાટ માટે ફાળવવામાં આવશે. જેના લીધે સેકટરોમાં જોખમી આવાસો ખાલી કરાવાની પ્રક્રીયા પણ સરળ અને ઝડપી બનશે. હાલની સ્થિતિએ મકાન ખાલી કરાવાની કામગીરી પણ તંત્ર માટે મુંઝવણનો વિષય છે. આવાસ ખાલી કરાવીને અન્ય જગ્યાએ મકાન ફાળવવા માટે તંત્ર હસ્તક રહેણાંકને લાયક પુરતા મકાનો જ નથી જેના લીધે નવા આવાસો માટે જગ્યા ખુલ્લી કરવાની કામગીરી પણ મંદ પડી ગઈ છે.

## જોખમથી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

નિયમોને લગતા સવાલો પર બીબીસી રેડિયોને મંગળવારે કહ્યું કે, અમે કેટલાક ઉપાયો વિશે વિચાર કર્યો છે પરંતુ અમે ડેટા જોઈ રહ્યા છીએ અને તેના આધારે કોઈ નિર્ણય લઈશું. જણાવી દઈએ કે કોરોના વાયરસના ઓમિક્રોન વેરિઅન્ટના વધતા સંક્રમણ અને તેનાથી જોડાયેલા જોખમોને કારણે વિશ્વભરના શેરબજારોમાં ઘટાડો જોવા મળ્યો છે.

## સ્થગિત કરાઈ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ગાંધીનગર મનપામાં ૨૦થી વધુ સંવર્ગની ભરતી માટે જાહેર સેવા આયોગને જણાવવામાં આવ્યું છે. ગાંધીનગર શહેરની હદમાં વધારો થયો હોવાથી તેમજ કેટલીક વધુ જગ્યાઓ પર ભરતી કરવાની જરૂરિયાત ઉભી થઈ છે. મનપામાં હજુ સ્ટાફ પેટર્ન જે નિયત થવી જોઈએ તેમાં ઘણી બધી બાબતોમાં ક્ષતિઓ જણાઈ છે. આથી મનપાએ તાત્કાલિક રીતે આ ભરતી સ્થગિત કરવા માટે જાહેર સેવા આયોગને જણાવ્યુ હતુ.

ગાંધીનગર મનપામાં હાલ સરકારે માત્ર સફાઈની સેવાની સત્તાવાર સોંપણી કરી છે અને આગામી દિવસોમાં વધુ સત્તાની ફાળવણી કરવામાં આવે તેવા સંકેતો પણ મળી રહ્યા છે. શહેરની હદ વધારાતાં વધુ ભરતી કરવી જરૂરી જણાતાં મનપાના તંત્રએ આ નિર્ણય લીધો હોવાનું પણ મનાઈ રહ્યું છે.

## લાગણીનો મેળો

● **અનુસંધાન ચોથાનું ચાલુ...**

મિત્રો, કયારેક કુદરત ચમત્કાર સર્જે છે તો કયારેક માનવી પોતે પણ ચમત્કાર સર્જે છે... રાતદિવસ જેના માટે મથીએ એમાં જ નિષ્ફળતા મળે - ને જેની આશા જ છોડી દીધી હોય એમાં જ્વલંત સફળતા મળે... પેલા વિજ્ઞાનીઓ આત્મબળને શ્રદ્ધાના જોરે કેવાં નવાં સર્જનો કરી ચમત્કાર સર્જે છે !!

**સ્પર્શમણિ :**

કોઈ નામથી જાણે છે, કોઈ કામથી જાણે છે,
કોઈ સ્વાર્થથી જાણે છે, તો કોઈ અર્થથી જાણે છે,
પણ
એક પ્રભુ જ છે, જે કર્મથી જાણે છે.

● ● ●

જીવનમાં બીજાની ખુશી માટે ઈશ્વર આપણને નિમિત્ત બનાવે એ જ શ્રેષ્ઠ કર્મ.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949



હેલીપેડ ગ્રાઉન્ડ પર હાલમાં ખાદ્ય ખુરાક પ્રદર્શન યોજાઈ રહ્યું છે. ફૂડ ટેકનોલોજી વિશેના આ પ્રદર્શનમાં ભાગ લેવા અને તેને નીહાળવા ખૂબ મુલાકાતીઓ આવી રહ્યા છે. અમદાવાદથી આવતા મુલાકાતીઓના કારણે શહેરને જોડતા તમામ માર્ગો પર ટ્રાફિકજામના દશ્યો જોવા મળી રહ્યા છે. રક્ષાશક્તિ સર્કલ પર ખુબ ટ્રાફિક જામ થતાં વાહનચાલકો પરેશાન થયા હતા.

# બેસતાં વર્ષના દિવસે આપઘાત કરનાર સે. ૨૪ની યુવતીના કેસમાં શંકાની સોય તેના પાર્ટનર તરફ

**પરિવારજનો યુવતીની લાશ નીચે ઉતારતા હતા એ સમયે તેના પાર્ટનરે યુવતીનો મોબાઇલ ફોન ચોરી છૂપીથી લઈ લીધો હતો : સિવિલમાં યુવતીને મૃત જાહેર કરાતાં જ પલાયન થઇ ગયો હતો : યુવતીના ફોનનું છેલ્લું લોકેશન અને યુવકનું લોકેશન એક સરખું હતું**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરના સેકટર -૨૪ના ડબલડેકર તરીકે જાણીતી હરસિદ્ધ સોસાયટીમાં બેસતા વર્ષના દિવસે જ એક ૨૫ વર્ષીય યુવતીએ પોતાના ઘરમાં દુપટ્ટા વડે પંખે લટકીને આત્મહત્યા કરી હતી. આ કેસમાં શંકાસ્પદ વર્તન સાથે ચોરી છૂપીથી યુવતીનો મોબાઈલ લઈ જનાર યુવતીના બિઝનેસ પાર્ટનર વિરુદ્ધ પોલીસ દ્વારા આપઘાત માટે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી વધુ પોલીસ તપાસ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગરના સેકટર -૨૪માં હરસિદ્ધ સોસાયટીમાં રહેતાં અશ્વિનભાઈને ત્રણ સંતાનો પૈકી ૨૫ વર્ષીય દીકરી કોમલ ઈન્ફોસિટી ખાતે ટાટા કન્સલ્ટન્સીમાં નોકરી કરતી હતી પરંતુ કોરોના મહામારીના કારણે તે ઓફિસનું કામ ઘરેથી ઓનલાઈન કરતી હતી. આ સાથે મૃતક કોમલ સેકટર-૨૬ના કિસાનનગરમાં રહેતા ઋત્વિક ઠક્કર સાથે પાર્ટનરશીપમાં ઈમ્પોર્ટ એક્સપોર્ટનો બિઝનેસ પણ કરતી હતી. ગત દિવાળીના તહેવાર દરમ્યાન બેસતા વર્ષના દિવસે તા. ૫મી નવેમ્બરના રોજ રાત્રીના સમયે જ્યારે પરિવારજનો જમી પરવારીને સાથે બેઠા હતા એ વખતે કોમલ ઉપરના માળેના તેના રૂમમાં ગઈ હતી. આ દરમ્યાન આશરે સાડા અગિયાર વાગ્યાના સુમારે ઋત્વિક ઠક્કરનો ફોન અશ્વિનભાઈના પત્ની સીમાબેન પર આવ્યો હતો જેણે કોમલનું કામ છે પરંતુ તે ફોન રિસીવ કરતી નથી તેવી વાત કરી હતી. જેથી કોમલની નાની બેન ફોન લઈને ઉપરના માળે ગઈ હતી અને દરવાજો ખખડાવ્યો હતો પરંતુ કોમલે કોઈ જવાબ આપ્યો નહોતો. એટલામાં જ ઋત્વિક ઘરે આવી ગયો હતો અને કોમલે કંઈક કરી લીધું તો નથી તેવી વાત કરતા જ બધા ઉપર દોડી ગયા હતા. દરવાજો ઘણો ખખડાવવા છતાં કોમલ દરવાજો ખોલતી ન હતી આથી તેના ભાઈએ બારીનો કાચ તોડીને અંદર જોતા કોમલે પંખા સાથે દુપટ્ટો બાંધીને ગળાફાંસો ખાધેલ હાલતમાં જોવા મળી હતી જેથી બધાએ રૂમનો દરવાજો તોડીને લાશ નીચે ઉતારી હતી. એજ સમયે પલંગ પર પડેલો કોમલનો ફોન લઈને ઋત્વિક કંઈક શોધવા લાગ્યો હતો અને પછી પરિવારજનો કોમલને લઈને સિવિલ હોસ્પિટલ ગયા હતા. એ સમયે ઋત્વિક પણ તેમની સાથે ગયો હતો પરંતુ ડોક્ટરે કોમલને મૃત જાહેર કરી એની થોડીક વારમાં ઋત્વિક સિવિલથી પલાયન થઈ ગયો હતો.

આ પછી પોલીસ આવી પહોંચતા ઘટનાની જાણ કેવી રીતે થઈ તેની પુછતાછ કરતાં પરિવારે ઋત્વિક ઠક્કરનું નામ આપ્યું હતું જેને ઘણા ફોન કરવા છતાં તે પરત ફર્યો ન હતો અને કોમલનો ફોન પરત માંગતા તે પણ પોતાની પાસે ન હોવાનું રટણ કરતો હતો. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કોમલનાં ફોનની કોલ ડિટેઈલ્સ સહિતની વિગતો એકઠી કરતાં કોમલ અને ઋત્વિકનાં મોબાઈલનું લોકેશન અડાલજ ખાતેનું સામે આવ્યું હતું. ઋત્વિક અને કોમલ વચ્ચે છેલ્લાં ત્રણ વર્ષથી સંબંધો હોવાથી બંને અવારનવાર એકબીજાને મળતા હોવાનું સામે આવ્યું હતું તેમજ ઋત્વિકે કોમલને કોઈ બાબતે આપઘાત કરવા માટે પ્રેરિત કરી હોવાનું માનીને અરવિંદભાઈ રાવળે ફરિયાદ આપતાં પોલીસે આઈપીસી કલમ ૩૦૬ અને ૪૦૪ મુજબ ઋત્વિક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ